અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં.બી–૧૭, નવરંગપુરા, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં.૪૬૬૫/૨૦૧૨</u>**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂ ઘ્ધ.

આરોપી : મનીષાબેન રાકેશભાઈ શાહ

ફરીયાદી તર્ફે એ.પી.પી. અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

**ગુનો : ધી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની કલમ– ૮૫(૨)(ઠ) મુજબ**

**– : ચૂકા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ ટીન નંબર મેળવ્યા બાદ કોઈ પત્રકો નહી ભરી તેમજ હિસાબી સાહિત્ય સાથે હાજર નહી રહી ખોટા બીલીંગ કરી સરકારનો વેરો ડુબાડેલ હોવાનો ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ છે જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે તેમજ મુદ્દામાલ કલેઈમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજિ ઠાકોર ૨૦૦૫(૧) જિ. એલ. આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિઘ્ધાંતને ઘ્યાને રાખતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના આરોપી ને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે **ધી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની કલમ– ૮૫(૨)(ઠ) મુજબ** ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર પુરા)નો દંડ, અને જો આરોપી દંડ ન ભરે તો ૨ માસ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો આજ રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫
અમદાવાદ.

**( જે. એ. બક્ષી)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા.
CODE NO : GJ 00903